# પોલીસે લાલ આંખ કરતાં સ્વયંભૂ બંધ

## અડચણરૂપ દબાણો દૂર કરવાની કામગીરી હાથ ધરાતાં ચિલોડા સર્કલ સૂમસામ



(તસવીર : નટુભાઈ પટેલ, ચિલોડા)

ચિલોડા, તા. ૧૦

ગાંધીનગર જિલ્લાનું મુખ્ય પ્રવેશદ્વાર સમા ચિલોડા જંક્શન મથક સૌને માટે આકર્ષણ-મોખરાનું ધામ બન્યું હતું. પરિણામે સવારથી સાંજ સુધી ધમધમતું મથક અનેક સુવિધા અને સમસ્યાથી ઘેરાતાં વિસ્તારમાં અનેક માથાના દુઃખાવા સમા પ્રશ્ન ટ્રાફિક સમસ્યા વધુ વિકટ બનતાં લોકો ત્રાહિમામ પોકારી ઉઠ્યા હતા. જ્યાં જુઓ ત્યાં દબાણનો રાફડો બિલાડીની ટોપની જેમ ફૂટી નીકળતાં દિનપ્રતિદિન ટ્રાફિક સમસ્યા વધુ પેચીદી બની છે. જેનો હાથવેંત ઉકેલ લાવવો લોઢાના ચણા ચાવવા જેવી બાબત ગણી શકાય. આ વિસ્તારમાં ગાંધીનગર-સાદરા-હિંમતનગર, દહેગામ, ચિલોડા એપ્રોચ રોડ સર્વિસરોડ વગેરે જાહેરમાર્ગોને અડીને તથા રોડ પર અનેક દબાણકારોએ નાના-મોટા ધંધા-રોજગારની હાટડીઓ, લારી-ગલ્લા ગોઠવી, ભરણપોષણની આજીવિકા જીવનનિર્વાહ કરવા મજબુર બન્યા હતા.

જ્યારે જરૂર કરતાં વધુ દબાણ પ્રવૃત્તિઓ વધતાં દબાણની માયાજાળથી લોકોની હાડમારીઓ વધતાં તરહતરહની ફરિયાદો ઉઠવા પામી હતી.

દબાણકારો કોઈની પરવા કર્યા વિના બેરોકટોક આડેધડ દબાણોની પ્રવૃત્તિઓએ માઝા મુકી દેતાં અનેક વાહનો અને માનવમહેરામણની ભીડનો જામેલો જામતાં ટ્રાફિક સમસ્યા વધુ વિકટ બનતાં અકસ્માતોનો ભય સતાવતો હતો. આવી સ્થિતિમાં ના છૂટકે આ દબાણ પર નિયંત્રણ મુકવું આવસ્યક ગણાતા લોકહિતાર્થે અડચણરૂપ દબાણો દૂર કરવાની કામગીરી હાથ ધરાતાં છેલ્લા બે દિવસથી ચિલોડા સર્કલના આજુબાજુના દબાણ પ્રવૃત્તિઓને દૂર કરવા તથા ખસી જવાની સુચના મળતાં મનોમન ધંધા-રોજગાર સંકેલી લઈ સ્વયંભૂ રીતે જાતે બંધ ન પાડ્યો હોય તેવી રીતે દબાણકારો સુમસામ કરફ્યું જેવી સ્થિતિ સર્જી આજકાલ ધંધો-રોજગાર શરૂ કરીશું ? તેવી કાગના ડાળે રાહ જોઈ દ્વિધાભરી સ્થિતિમાં મુંજવણ અનુભવી રહ્યા છે. હાથમાં દબાણકારોની સ્થિતિ સામે છછૂંદર ગળ્યા જેવી હાલત સર્જાતા નથી ધંધો નથી જગ્યા.

હવે શું... કોનો સથવારો

આમ છતાં ચિલોડા વિસ્તારના દબાણ દૂર થયા આમ છતાં સત્તાવાહકો દ્વારા હવે ચિલોડા સર્કલ પાસેના આડેધડ દબાણ પ્રવૃત્તિ નિયંત્રણ, ટ્રાફિક સમસ્યા, જાહેર માર્ગો પર અનેક સવિધા જેવી લાઈટ તથા જાહેર શૌચાલયો, બસ સ્ટેન્ડોની સગવડો ઉપલબ્ધ બને, નાના મોટા છૂટક વેપારીના ધંધા-રોજગાર માટે કાયમી વૈકલ્પિક જગ્યાની ફાળવણી કરવી વગેરે કાયમી વ્યવસ્થા હાથ ધરાય તેવી લોકોમાં તીવ્ર માંગ પ્રવર્તી રહી છે.

## ડીસા તાલુકામાં ૧૦ અને ૧૭ જૂને મતદારયાદી સુધારણા ઝુંબેશ

ડીસા, તા. ૯

ભારતીય ચૂંટણી પંચની સૂચના મુજબ તા. ૧ જાન્યુઆરી-૨૦૧૨ની સ્થિતિએ મતદારયાદીમાં નવા નામ ઉમેરવા, કમી કરવા, નામ, ઘર નંબર, ઉંમર અને અન્ય સંબંધીત વિગતમાં ફેરફાર કરવા સહિતની કાર્યવાહી તા. ૧ જૂન-૨૦૧૨ થી તા. ૧૮ જૂન-૨૦૧૨ સુધી જે તે મતદાન મથકો ખાતે હાથ ધરાશે ત્યારે ડીસા તાલુકામાં તા. ૧૦ અને ૧૭ જૂન ૨૦૧૨ એમ બે દિવસ મતદારયાદીમાં નામ દાખલ કરવા માટે નક્કી કરવામાં આવ્યા છે. આ બે દિવસ દરમિયાન સવારના ૯ કલાકથી સાંજના ૫ વાગ્યા સુધી નાગરિકો મતદાન કેન્દ્ર ખાતે જી મતદારયાદી સંબંધિત કાર્યવાહી કરાવી શકાશે.

ગાંધીનગર સમાચાર
બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ચ-માર્ગ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૨૫૭૧, ૨૩૨૩૭૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧
Email : jay_choly@yahoo.com • gandhinagarsamachar@yahoo.com

સાબરકાંઠા, મહેસાણા, પાટણ અને બનાસકાંઠા જિલ્લા સહિત તમામ તાલુકાના વાસીઓ તેમની પ્રેસનોટ તથા જાહેરખબર આપવા અમારા પ્રતિનિધિનો સંપર્ક કરે.

### સાબરકાંઠા જિલ્લામાં

| | | |
|---|---|---|
| મગનજી વણઝારા | (બ્યૂરો ચીફ, સા.કાં. હિંમતનગર) | ૯૯૨૫૦૪૪૭૪૩<br>૯૩૭૪૮ ૪૪૭૧૬ |
| સમીર બલોચ | સાબરકાંઠા જિલ્લા ફોટોગ્રાફર | ૯૯૨૪૩ ૩૩૩૪૩ |
| દશરથ વણઝારા | તલોદ | ૯૬૩૮૧ ૮૮૭૯૬ |
| જનક રાવલ | વડાલી | ૯૯૨૫૭૯૯૭૦૩ |
| કાળુસિંહ રાઠોડ | સલાલ | ૯૪૨૭૯૦૯૦૩૧ |
| જીતેન્દ્ર એલ. પટેલ | ધનસુરા | ૯૪૨૭૩૬૮૫૦૩ |
| પ્રકાશ ગઢવી | ઈડર | ૯૪૨૯૪૫૭૬૧૭ |
| રમેશભાઈ વૈષ્ણવ | ખેડબ્રહ્મા | ૯૪૨૬૨૫૯૩૬૦ |
| જયદેવભાઈ બારોટ | ખેડબ્રહ્મા | ૯૪૨૮૮૩૦૩૩૮ |
| સંજય રાવલ | પ્રાંતિજ | ૯૮૨૫૮૩૮૫૬૯ |
| કોદરસિંહ રાઠોડ | તાજપુર કેમ્પ | ૯૯૯૮૮૨૮૧૯૩ |
| મયુર ધ્વજસિંહ વાઘેલા | માણસા | ૯૮૭૯૦૯૯૯૩૩ |
| વિઠ્ઠલભાઈ સુથાર | લક્ષ્મીપુરા | ૯૪૦૮૧૨૫૧૧૫ |

### મહેસાણા - બનાસકાંઠા જિલ્લામાં

| | | |
|---|---|---|
| મહેશભાઈ બારોટ | મહેસાણા/ઊંઝા | ૯૯૭૯૪૦૨૫૩૩ |
| ગણપતભાઈ જોષી | પાલનપુર | ૯૩૭૫૦૭૬૦૬૧ |
| હરેશ જોષી | પાલનપુર | ૮૦૦૦૯૧૧૬૧૬ |
| કાંતિલાલ લોધા | ડીસા | ૯૮૭૯૦૧૦૦૪૭ |
| જેણુભા વાઘેલા | પાટણ | ૯૮૯૮૨૧૦૪૩૬ |

## ડીસામાં સરકારી ગોગા મહારાજની રમેલ યોજાઈ : હજારોની સંખ્યામાં ભક્તો ઉમટ્યા

ડિસા, તા. ૧૦

ડીસાના ટી.સી.ડી. ફાર્મ મેદાનમાં બિરાજતા શ્રી સરકારી ગોગા મહારાજની રમેલ પ્રસંગે ઉત્તર ગુજરાતના રબારી સમાજના ખ્યાતી પ્રાપ્ત ભુવાડીઓ એક સાથે એક જ પાટ ઉપર બિરાજમાન થતાં મોટી સંખ્યામાં રબારી સમાજ (નાત વિહોતર) દર્શનાર્થે એકત્ર થયો હતો. આ પ્રસંગે ભુવાજીઓ અને દાતાઓનું ગોપાલ સેના દ્વારા સન્માન કરવામાં આવ્યું હતું.

સમસ્ત રબારી સમાજ અને ગોપાલ સેના ડીસા નામીઅનામી ભુવાજીઓ સમગ્ર ઉત્તર ગુજરાતમાંથી ઉપસ્થિત રહ્યા હતા. આ પ્રસંગે રમેલના આયોજન અને ભોજન પ્રસાદમાં ફાળો આપનાર દાતાઓ અને ભુવાજીઓનું સન્માન કરાયું હતું. ભુવાજીઓએ પાટ પર બેસી ગોગા મહારાજ સર્વેનું કલ્યાણ કરે અને શ્રદ્ધા ભક્તિ વધારે તેમજ સમાજ ઉત્તરોત્તર પ્રગતિ કરે તેવા આશિર્વચન પાઠવ્યા હતા.

આ પ્રસંગે ડીસા માર્કેટયાર્ડ ચેરમેન ગોવાભાઈ દેસાઈ, ગોપાલક વિકાસ નિગમના ચેરમેન ડૉ. સંજય



(તસવીર : કાન્તીલાલ લોધા, ડીસા)

દ્વારા ડીસાના ટી.સી.ડી. ફાર્મ મેદાનમાં આવેલ રાજ રાજેશ્વર શ્રી સરકારી ગોગા મહારાજના મંદિરે મહા રમેલનું આયોજન કરાયું હતું. રમેલમાં ભુવાજી રાજાબાપા (કાસવા), ભુવાજી ચેહરાભાઈ (ચાંગા), ભુવાજી નારણભાઈ (ગમાનપુરા), ભુવાજી ગેમરભાઈ (ખાખડી), ભુવાજી રાણાભાઈ (આસેડા) સહિત દેસાઈ, જિ. પં. સદસ્ય કાનાભાઈ દેસાઈ તેમજ ડીસા તાલુકા યુવક કોંગ્રેસ પ્રમુખ અમરત દેસાઈ, ડીસા તાલુકા એન.એસ.યુ.આઈ. પ્રમુખ મોતી દેસાઈ સહિત સમાજના નામી-અનામી અગ્રણીઓ અને ગોપાલસેનાના કાર્યકરોએ હાજર રહી પ્રસંગને સફળ બનાવવા ખૂબ જ જહેમત ઉઠાવી હતી.

## ધનસુરા ચૌધરી સમાજનું ગૌરવ

ધનસુરા, તા.૧૦

ધનસુરા તાલુકામાં વર્ષોથી રહેતા વિજયભાઈ પટેલ અને રાગીણીબેન પટેલના પુત્ર રાજ ચૌધરીએ ધોરણ-૧૦માં ઉચ્ચગુણ પ્રાપ્ત કરી સમાજ અને શાળાને ગૌરવ અપાવ્યું છે. સાબરકાંઠાના ધનસુરા ખાતે આવેલ નારણપુરા પ્રાથમિક શાળામાં નોકરી કરતા વિજયભાઈ પટેલ અને રાગીણીબહેન પટેલના લાડકવાયા રાજ ચૌધરીએ ચાલુ વર્ષે લેવાયેલી ધોરણ-૧૦ એસ.એસ.સી.ની પરીક્ષામાં૯૯.૪૦ પર્સન્ટાઈલ રેન્ક સાથે ધનસુરા જે. એસ. મહેતા હાઈસ્કૂલમાં પ્રથમ આવી શાળા તેમજ ચૌધરી સમાજનું ગૌરવ વધાર્યુ હતું જે બદલ શાળા પરિવાર સહિત સૌએ અભિનંદન પાઠવ્યા હતા.

## ડીસામાં વિકલાંગોને સાધન સહાયનું વિતરણ કરાયું

ડીસા, તા.૧૦

બનાસકાંઠા જિલ્લાના તમામ પ્રકારની વિકલાંગતા ધરાવતા લાભાર્થીઓને વિના મૂલ્યે સારી રીતે નિદાન કરી વિકલાંગ સાધન સહાય ફાળવવા ડીસા ખાતે શ્રી બ્રહ્મ સમાજ સેવા ટ્રસ્ટ પાટણ અને મહાવીર વિકલાંગ સહાયતા સમિતિ અમદાવાદ દ્વારા વિશેષ કેમ્પનું આયોજન કરાયું હતું.

રાજયભરમાં વિકલાંગ સાધન સહાય, સ્તન કેન્સર જાગૃતિ, બ્લડ ડોનેશન, વનીકરણ અને મહિલા જાગૃતિ તેમજ ગરીબ લાભાર્થીઓ-વિદ્યાર્થીઓના કલ્યાણ માટે કાર્યરત શ્રી બ્રહ્મસમાજ સેવા ટ્રસ્ટ દ્વારા ભગવાન મહાવીર વિકલાંગ સહાયતા સમિતિ અમદાવાદના સહયોગથી ડીસાની એસ.સી. ડબલ્યુ હાઈસ્કૂલ ખાતે બનાસકાંઠા જિલ્લા વિકલાંગોને સાધન સહાય પુરી પાડવા રવિવારે મેગા કેમ્પનું આયોજન કરાયું હતું. આ પ્રસંગે જિલ્લાભરમાંથી આવેલા જરૂરિયાતવાળા વિકલાંગ વ્યકિતઓને શારિરીક નિદાન બાદ જયપુર ફુટ, ટ્રાયસીકલ, વ્હીલચેર, કેલીપર્સ, બગલ ઘોડી તેમજ કાનમાં સાંભળવા માટેના હીયરીંગ મશીન વિના મૂલ્યે આપવામાં આવ્યા હતા. આ પ્રસંગે દાતા મહેશભાઈ વ્યાસે, બ્રહ્મ સમાજ સેવા ટ્રસ્ટના પ્રમુખ નરેશભાઈ દવે, જીતુભાઈ પુરોહિત, રમેશભાઈ જોષી, ડૉ. અજય જોષી, ડૉ. મહેશ જીવરાણી, ડૉ. મનોજ અમીન, ડૉ. દીપક પટેલ, ભાસ્કરભાઈ ઠાકર, શશીકાન્ત પંડયા, મગનલાલ માળી, રમેશભાઈ દેલવાડીયા સહિત અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતાં.

આ પ્રસંગે બ્રહ્મ સમાજ સેવા ટ્રસ્ટના પ્રમુખ નરેશભાઈ દવેએ જણાવ્યું હતું કે, ટ્રસ્ટ દ્વારા વિકલાંગોને વિના મૂલ્યે સાધન સહાય મળી રહે તે માટે દાતાઓના સહયોગથી અલગ અલગ જિલ્લાઓમાં આ પ્રકારના કેમ્પો ઉપરાંત શાળાના બાળકને ગણવેશ, પુસ્તકો તેમજ ગરીબ લાભાર્થીઓને જરૂરિયાતની ચીજ વસ્તુઓનું વિતરણ કરવામાં આવે છે. જયારે ટ્રસ્ટ દ્વારા સરકાર તેમજ અન્ય એન.જી.ઓ.ના સહયોગથી વિવિધ સેવાકીય કાર્યો હાથ ધરાય છે.



કાંકરેજ તાલુકાના પાદરડી ગામે શ્રીનવદુર્ગા વિદ્યા મંદિરને રીબીન કાપી ખુલ્લું મુકાયું. શ્રી મહાકાળી એજ્યુકેશન ટ્રસ્ટ સંચાલિત શ્રી નવદુર્ગા વિદ્યામંદિરને સંસ્થાના પ્રમુખ શ્રી ટ્રસ્ટીઓ તેમજ બનાસકાંઠા જિલ્લા ભાજપના પ્રમુખ કરશનજી વાઘેલાએ રીબીન કાપી ખુલ્લું મૂક્યું હતું.

ગાંધીનગર શહેરની મધ્યમાં અદ્યતન ઓટોમેટીક મશીનોથી સજ્જ
સીયાટ એપોલો ગુડઈયર કંપનીના ટાયરની સંપૂર્ણ રેન્જનો અધિકૃત વિશાળ શો રૂમ
Nirmala Tyres
Authorised DEALER : CEAT, APOLLO TYRES
CEAT TYRES
APOLLO TYRES
રવિવારે શો-રૂમ બપોરે ૧ વાગ્યા સુધી ચાલુ રહેશે
ઉપલબ્ધ સેવાઓ :
- ઓટોમેટીક મશીન ઉપર ટાયર ફીટીંગ
- ટ્યૂબલેસ ટાયરનું પંચર કરી આપવામાં આવશે.
- હાઈ ક્વોલિટી પંચર સર્વિસ
- મોટી ટ્રકો તથા ટ્રેક્ટરના ટાયરો હાજર સ્ટોકમાં તદ્દન વ્યાજબી ભાવે મળશે.
એપોલો એકસીલીયર ટ્યુબલેસ ટાયરની સંપૂર્ણ રેન્જ મળશે.
૩૭૯/૨, સેક્ટર-૧૬, શાલીમાર સિનેમા પાસે, ગાંધીનગર.
ફોન : ૨૩૨ ૩૯૩૫૧, મો. : ૯૮૨૪૦-૬૪૭૨૮

ગાંધીનગરવાસીઓવા અતૂટ વિશ્વાસ અને સહકારથી આપની સેવામાં સરકાર માન્ય
મોર્ડન મોટર્સ
પ્લોટ નં. ૪૦૩, જી.આઈ.ડી.સી., કામા મોટર્સની બાજુમાં, સેક્ટર-૨૮, ગાંધીનગર
ફોન : ૨૩૨૧૧૪૮૫ ● મો. : ૯૮૨૫૨૬૨૨૯૧
સુવિધાઓ
● વ્હીલ એલાઈનમેન્ટ ● બેલેન્સીંગ (કોમ્પ્યુટરાઈઝ્ડ)
● સરકાર માન્યતા પ્રાપ્ત ● અદ્યતન વર્કશોપ, બોડીકામ,
● વાહનોનું રીપેરીંગ કામશ્ર મોટો ઈલેક્ટ્રીક કામ
● જેન્યુન પાર્ટસ ● સર્વિસીંગ ● ઓઈલ ચેઈન્જ
EXIDE બેટરીના ઓથોરાઈઝ્ડ ડીલર
કેસ્ટ્રોલ ઓઈલના ઓથોરાઈઝ્ડ ડીલર
પેટ્રોલ વાહનનું પી.યુ.સી. સ્ટેશન

A 1000 Sq.Ft. A/C Showroom in your city with exclusive display of
Ceramic Wall Tiles | Virtified Tiles | Ceramic Floor Tiles
Aquart | Wall Cladding | Marble Stone * Quartz
and a wide range of vivid pattern with extinguish combinations.
એક્સક્લુસિવ શો-રૂમ
asian TILES WORLD
Radhe ENTERPRISE
F.F. 101/102/103, Jay Yogeshwar Complex, Nr. City Pulse Cinema, Opp. Kudasan Bus Stop Gandhinagar - Koba High way, Gandhinagar. Mobile : 94265 13601